**CORONA VACCINATION AWARENESS WEEK**

**(26th APRIL – 1st MAY 2021)**







એ જ અટકાવશે કોરોનાનો રોગચાળો,
જે બનશે વીર વેક્સિનવાળો
Vaccination Awareness Week
26th April - 1st May 2021
IITE Gandhinagar
IITE
Register on : cowin.gov.in


કોરોનાને
કરવા
કમજોર,
વેક્સિનનું
વધારો જોર
COVID-19
Coronavirus
Vaccine
Vaccination Awareness Week
26th April - 1st May 2021
IITE Gandhinagar
IITE
Register on : cowin.gov.in







દેશમાં હાલ કોરોના રસીકરણ (Corona Vaccination) અભિયાન ચાલુ છે. ભારત સરકારે 16 જાન્યુઆરી થી શરૂ કરેલ આ વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાન અંતર્ગત સૌ પ્રથમ હેલ્થકેર વર્કર્સ, ફ્રંટ લાઇન વોરિયર્સ, વૃદ્ધો અને અન્ય બીમારીઓના

દર્દીઓ બાદ ક્રમાનુસાર 45 વર્ષ થી ઉપર ના લોકો ને રસી આપવાની શરૂઆત થઈ. અત્યાર સુધી દેશમાં સ્વાસ્થ્યકર્મીઓ, કોરોના વોરિયર્સની સાથે સાથે 60 વર્ષથી વધુ ઉંમરના અને 45થી વધુ ઉંમરના ગંભીર બીમારીથી પીડાતા લોકોને રસી અપાઈ રહી હતી વ્યક્તિએ પોતાની બીમારીનું પ્રમાણપત્ર રજુ કર્યા બાદ રસીના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂરી થઈ શકતી હતી.

તા. 1 મે થી 18 થી 44 વર્ષ ના લોકો ને કોરોના રસી આપવા માટે કેન્દ્રીય કેબિનેટ માં નિર્ણય કરવામાં આવ્યો અને તેની સતાવાર જાહેરાત કરાઇ હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકાર એક વર્ષથી એ દિશામાં મહેનત કરી રહી છે કે વધુમાં વધુ ભારતીયોને જેટલા ટૂંકા સમયમાં રસી આપી શકાય.
કોવિડ -19 રોગચાળાને નિયંત્રિત કરવા માટેનું એક આવશ્યક સાધન એ અસરકારક રસી (ઓ) ની છે, ભારતે બે COVID-19 રસીઓને મંજૂરી આપી છે – ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોવિશિલ્ડ જેનું નિર્માણ સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે અને કોવેક્સિન ભારત બાયોટેક અને ICMR સંયુક્ત રીતે વિકસિત કરેલ છે. અત્રે તે સમજવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કે લોકો COVID-19 સામે રસી લેવા તૈયાર છે કે નહીં અને જે લોકો રસી લેવા માટે તૈયાર ના હોય તેમને માહિતી દ્વારા રસી લેવા માટે પ્રેરવા જરૂરી બને છે.
આવા હેતુ થી આદરણીય કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ IITE સેન્ટર ઓફ એજ્યુકેશનના તમામ વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ સપોર્ટ, કલ્ચરલ અને વેલ્ફેર વિભાગ દ્વારા કોરોના રસીકરણ જાગૃતિ સપ્તાહની ઉજવણી તા. 26 એપ્રિલ થી 1 મે સુધી કરવામાં આવી.

1. #IITE4Vaccination હેશટેગ :

આ અભિયાન અંતર્ગત તમામ વિદ્યાર્થીઓને IITE ના સોશિયલ મીડિયા પર પોતાની કોરોના વેક્સિન વોરિયર તરીકેની તસવીર પ્રસિદ્ધ કરવાની તક આપવામાં આવી જેમાં સૌ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. #IITE4Vaccination હેશટેગ અંતર્ગત વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ પોતપોતાના રસીકરણ માટે તૈયાર હોય તેવા ફોટોગ્રાફ્સ શેર કર્યા.

PLS INSERT PHOTOS FROM FB PAGE

## 2 : વેક્સિન જાગૃતિ અંગે ડો. મેહુલ દવે નું વ્યાખ્યાન :

વેકસીનેશન અવેરનેસ ડ્રાઈવ અંતર્ગત SSCW વિભાગ ના વડા ડો. મેહુલ દવે એ તા. 30 એપ્રિલ ના રોજ IITE સલગ્ન સંસ્થા સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ, મહેસાણાના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો માટે ઓનલાઈન માધ્યમ દ્વારા વેક્સિન અંગે રસપ્રદ અને માહિતીપ્રદ તજજ્ઞ વ્યાખ્યાન આપ્યું. MS Teams ના મધ્યમ થી અપાયેલ આ ટોક નું youtube લાઈવ કરવામાં આવેલ હતું.



## 3 : વિદ્યાર્થીઓ માટે પાંચ ઓનલાઈન સ્પર્ધાઓ :

IITE સેન્ટર ઓફ એજ્યુકેશન ના વિદ્યાર્થીઓ માટે SSCW વિભાગ  દ્વારા કુલ પાંચ ઓનલાઈન સ્પર્ધાઓ યોજવામાં આવી.

1. **Poem or Slogan on Vaccination**
2. **Ad Film Production**
3. **Corona Jingle**
4. **Poster Making on CoViD Vaccination**
5. **Experience sharing / Prasang Kathan**

આ સ્પર્ધાઓ માં વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લઈ ઇ મેઇલ દ્વારા કૃતિઓ મોકલી આપેલ જેમની કેટલીક કૃતિઓની ઝલક  :

વિદ્યાર્થીઓની કૃતિઓ :









દસેય દિશામાં દેખાય છે, કોરોનાના જ સીન,
મહામારીથી બચવા આજે મળી ગઈ વેક્સિન.

ડરવાની શું વાત છે? વેક્સિન સંગાથ છે ।
ટીકાકરણથી કોવિડને આપવાની મ્હાત છે.

રાખો હંમેશા સાવચેતી ને તબિયતનું પૂરતું ધ્યાન,
વેક્સિનરૂપી બ્રહ્માસ્ત્રથી સુરક્ષિત કરી લો જાન ।

માસ્ક પહેર, હાથ ધો સેનિટાઈઝરથી કોરોના ટાળ,
આપવા કોરોનાને હાર, કરો વેક્સીનનો મહાપ્રહાર.

ખૂટે છે ક્ષણે ક્ષણે એક એક શ્વાસ, દવાખાના ભરચક ને સ્મશાન તો ખાસ.
ઘરે રહી એકબીજાની આવશો ન પાસ, વેક્સિન પર રાખો પૂરેપૂરો વિશ્વાસ.

કોરોના જંગ છે, વેક્સિન સંગ છે, રસી લેવાનો હવે આવ્યો પ્રસંગ છે ।
cowin website છે, વેક્સિન Right છે, જેણે રસી લીધી, તેનું future bright છે.

बिना हाथ मिलाये हर हाथ वैक्सीन,
है हमारी जिम्मेदारीसबको है निभानी,
क्यूंकि बार बार नही मिलती,
ज़िंदगी की ये पारी ।

दुख के इस मौसम को अपने हाथो से बदलना है,
कितने मरे,कितने छूटे बस अब और न इसको सहना है

छुटे नही कोई हाथ मिलकर ऐसी जंजीर बनानी है,
मिटाकर भेद सब,हर एक को संजीवनी लगानी है

सब मिलकर लड़ेंगे साथी आखरी वार करने की तैयारी है,
तू-तू मै-मै सब बाते छोडो देश ही अपनी जिम्मेदारी है

अँधेरी रात के बाद फिर नये फूल खिलेंगे इस गुलशन मे,
अभी पानी जरूरी है पौधो को पतझड के इस मौसम मे,

कुछ दिन छुट्टी मनायी जाए वोटसएप की यूनिवर्सिटी मे,
न जाने फिर कोनसी अफवाह बेसी जाए बाजार मे

किससे लडेगे किससे रुठेगे जब इन्सान ही नही रहेगा,
अभी ना नींद से जागे तुम तो ये ख्वाब न पुरा होगा

અલગ અલગ સ્પર્ધાઓ માં IITE ના વિવિધ વિષય ના અધ્યાપકોએ નિર્ણાયક તરીકે સેવાઓ  આપી.

| No. | Name of Competition | Judges |
|---|---|---|
| 1 | Poem or Slogan on Vaccination | Dr Bhavesh Rawal |
| | | Dr SwarnaBharthi |
| 2 | Ad Film Production | Dr Deepkumar Trivedi |
| | | Ms Darshana Likhada |
| 3 | Corona Jingle | Dr Viral Jadav |
| | | Dr Gopal Upadhyay |
| 4 | Poster Making on CoViD vaccination | Dr Dipika Patel |
| | | Dr Archana Patel |
| 5 | Experience sharing / Prasang Kathan | Dr Jumisree Pathak |
| | | Dr Nishant Joshi |

# વિજેતા વિદ્યાર્થીઓ

| No. | Name of the Competition | Rank | Class and Semester | Name of the Winners |
|---|---|---|---|---|
| 1 | Poem or Slogan on Vaccination | 1 | B.Sc. B.Ed. Sem. 6 | **Mori Parthraj** |
| | | | | |
| 2. | Ad Film Production | 1 | B.Sc. B.Ed. Sem. 4 | **Shreyansh C. Sheth** |
| 3. | Corona Jingle | 1 | B.A.B.Ed. Sem. 2 | **Patel Kshiti H.** |
| 4. | Poster Making on CoViD Vaccination | 1 | B.Sc B.Ed Sem. 2 | **Jalpa Bambhaniya** |
| | | 2 | B.Sc B.Ed Sem. 4 | **Shreyansh C Sheth** |
| | | 2 | B.Sc B.Ed Sem. 4 | **Dhavalsinh Rajput** |

સ્પર્ધાના અંતે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

કોરોના રસીકરણ જાગૃતિ સપ્તાહની ઉજવણી ના આયોજન માં મા. કુલપતિશ્રી ડો. હર્ષદભાઈ પટેલ સાહેબ અને કુલસચિવશ્રી ડો . હિમાંશુભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ SSCW વિભાગ ના વડા ડો મેહુલ દવે અને સ્ટુડન્ટ વેલ્ફેર ઓફિસર શ્રી જતીન ભટ્ટ તથા અધ્યાપક ડો. કેવલ ગદાણી એ સમગ્ર આયોજન કરેલ હતું.